# શિશુવિહાર

પ્રથમ અંક : મે ૧૯૪૪ સદ્વિચારને આચરણમાં મૂકતી સંસ્થાનું સમાચાર પત્ર

સળંગ અંક : ૯૫૪ • ૧૫ નવેમ્બર ૨૦૨૪ • પાનાં : ૨૪ • વાર્ષિક લવાજમ રૂ.૫૦


## સાંપ્રદાયિક સૌહાર્દ અને નવરાત્રી ઉત્સવ - ૨૦૨૪



આદ્યશક્તિ અંબાનાં સાનિધ્યમાં આસો સુદ-એકમ તારીખ ૩ ઓક્ટોબરથી સંસ્થાના ક્રીડાંગણ તેમજ શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના તાલીમાર્થી વિદ્યાર્થીઓ અને તેમના પરિવાર માટે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. નવલી નવરાત્રી દરમિયાન તાલીમાર્થીઓ તથા વાલીઓ માટે આરતી સુશોભન, ફેન્સી ડ્રેસ, ગરબાના કાર્યક્રમો યોજી બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવેલ. સાંપ્રદાયિક સૌહાર્દના સ્વીકાર તરીકે શિશુવિહારમાં યોજાતા નવરાત્રી પ્રસંગે ઉત્તમ દેખાવ કરનાર સ્કાઉટ તાલીમાર્થીઓને તથા વાલીઓને સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ, ઈન્દાબહેન, જતીનભાઈ, હરેશભાઈ, નિર્મોહીબહેન, હીનાબહેન, જયશ્રીબહેન અરવિંદભાઈ ત્રિવેદી, ભાવનાબહેન ધર્મેશભાઈ વડોદરીયાની ઉપસ્થિતિમાં પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.


**તંત્રી, પ્રકાશક, મુદ્રક: ડૉ. નાનકભાઈ ભટ્ટ**




❀ પ્રકાશન સ્થળ ❀


શિશુવિહાર, પ્લોટ નંબર ૫૦૭, ઉત્તર કૃષ્ણનગર, ભાવનગર, ૩૬૪૦૦૧
Website: www.shishuvihar.in Email: shishuviharbhavnagar@gmail.com
Facebook: Shishuvihar Bhavnagar Mobile : 7043332100, 9574915736


નવલી નવરાત્રી પ્રસંગે શ્રી સરલાબહેન જતીનભાઈ ભટ્ટ તરફથી ખેલૈયાઓને નિયમિત પ્રસાદરૂપે પોષક નાસ્તો આપવામાં આવેલ. નવરાત્રી પ્રસંગના સંસ્થા આયોજક સર્વશ્રી કમલેશભાઈ, અનિલભાઈ, રાજુભાઈ, અજયભાઈ, મંગળસિંહભાઈ, દીપાબહેન, બારૈયાભાઈ તેમજ નરસિંહભાઈનું વિશિષ્ટ પુરસ્કારથી અભિવાદન કરવામાં આવ્યું.

સાંપ્રદાયિક સૌહાર્દના પ્રતિક તરીકે ભાઈઓ-બહેનો તથા સર્વ સમુદાય માટે ક્રીડાંગણ પરિવાર માટે રાત્રે ૯ થી ૧૧ દરમિયાન યોજાતા નવરાત્રી ઉત્સવના ૭ દિવસ દરમ્યાન ૨૬૦૦ તાલીમાર્થીઓએ શિસ્ત અને સૌહાર્દ પૂર્ણ વાતાવરણ સર્જેલ જે નોંધનીય બને છે.





### નવલી નવરાત્રિ પ્રસંગે પુરસ્કૃત ખેલૈયાઓ

- **આરતી સુશોભન:** તારીખ ૬, **તાલીમાર્થી વિજેતા:** કાર્તિક ગોહેલ, દેવેન્દ્ર વેગડ, ગૌતમ બારૈયા, અમનમીયા **વાલી:** ગીતાબહેન રાઠોડ, હેતલબહેન ગુજરીયા, દક્ષાબહેન વસાણીયા, કાજલબહેન લાઠીયા, છાયાબહેન વાઘેલા, શિતલબહેન વેગડ
- **ફેન્સીડ્રેસ:** તારીખ ૮, **તાલીમાર્થી વિજેતા:** અભિષેક ગુજરીયા, સોહમ મકવાણા, માનવ વસાણીયા
- શ્રી હિનાબહેન મિતેશભાઈ ભટ્ટ તથા ઉર્વીબહેન ભાવેશભાઈ ઓઝા તરફથી ફેન્સી ડ્રેસ તથા આરતી સુશોભનના ૧૦ બાળકો તથા વાલીઓને વિશેષ પુરસ્કૃત કરવામાં આવ્યા હતા.

## પૂર્વ પ્રાથમિક શિક્ષણ પ્રોત્સાહન કાર્યક્રમ વર્ષ - ૨૦૨૪

સ્વાતંત્ર્ય સેનાની અને બાળ કેળવણીકાર શ્રી પ્રેમશંકરભાઈ ભટ્ટ તથા શ્રીમતી શૈલાબહેન પ્રફુલ્લભાઈ સૂચકની સ્મૃતિમાં ૧૪માં વર્ષે ભાવનગર શહેરની આંગણવાડીના ૨૦૦ બાળકોને શિશુવિહાર પરિસરમાં

શૈક્ષણિક સહાય આપવામાં આવી હતી. તા. ૧ ઓક્ટોબરના રોજ સર્વ પિતૃ શ્રાદ્ધ પ્રસંગે તંદુરસ્ત બાળ સ્પર્ધા, ભોજન તથા સાધન સહાય વિતરણ કાર્યક્રમ અંતર્ગત ભાવનગરમાં જાણીતા બાળ સ્વાસ્થ્ય નિષ્ણાત ડોક્ટર નરેશભાઈ સૂચક દ્વારા બાળકોનું સ્વાસ્થ્ય સંબંધી પરીક્ષણ કરી ૬ તંદુરસ્ત બાળકો પસંદ કરી સન્માનવામાં આવ્યાં હતાં.




મુંબઈ રોટરી ક્લબના સંયોજક શ્રી નિલેશભાઈ સૂચક, સંસ્થાના પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, ડો અરવિંદભાઈ ત્રિવેદી, પી.ઓ.કચેરીના શ્રી દિપ્તિબહેન વાગોણા તથા શ્રી પૂજાબહેન ખંભોળીયાની ઉપસ્થિતિમાં આંગણવાડીને હાઈટ મીટર તથા ભૂલકાઓને શોલ્ડર બેગ સાથે વોટર બોટલ ભેટ આપવામાં આવેલ.





સર્વપિતૃ શ્રાદ્ધ પ્રસંગે સતત ૧૪માં વર્ષે બાળકોને ભોજન તથા શૈક્ષણિક સાધન માટે સહાય આપનાર દાતાશ્રીનું પણ સવિશેષ અભિવાદન







કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું સંચાલન ડૉ માનસીબહેન ત્રિવેદી તથા સંસ્થાના ચીફ કોર્ડીનેટર શ્રી હિનાબહેન ભટ્ટએ કર્યુ હતું.

આ ઉપક્રમે આંગણવાડી દીઠ રૂ.૨૫૦૦/- ની સાધન સહાય કરનાર દાતાશ્રીઓ પ્રત્યે સંસ્થા આભારની લાગણી વ્યક્ત કરે છે.

## સંસ્થા કાર્યકરોનું સ્નેહમિલન



શિશુવિહાર સંસ્થામાં સેવાર્થી કાર્યકરોનું વાર્ષિક સ્નેહમિલન તારીખ ૨૯ ઓક્ટોબર ધનતેરસનાં પાવન પર્વ પ્રસંગે યોજાયું. લોકભારતીના પૂર્વ નિયામક પ્રા.પ્રવીણભાઈ ઠક્કરની અધ્યક્ષતામાં મળેલ બેઠકમાં સંસ્થા પ્રમુખ શ્રી રાજેન્દ્રભાઈ દવે, શ્રી ઈન્દાબહેન ભટ્ટ, શ્રી જયેશભાઈ દવે, શ્રી શબનમબહેન કપાસી, શ્રી હરેશભાઈ ભટ્ટ, શ્રી જતીનભાઈ ભટ્ટ તથા સંસ્થાના મંત્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ ઉપસ્થિત રહયા હતા. કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના કાર્યક્રમ સંયોજક શ્રી હિનાબહેન ભટ્ટએ સહુને આવકાર આપી

ઉપક્રમ પરિચય આપેલ, ત્યારબાદ પુસ્તકાલય, બુધસભા, બાલદેવવન, બાલમંદિર, આરોગ્ય સેવા, મનોરંજન, પ્રકાશન, સંકલન, એકાઉન્ટ વિભાગ, જીવન શિક્ષણ અને સંલગ્ન પ્રવૃત્તિઓ સાથે જોડાએલ કાર્યકરોએ પોતાની વર્ષભરની કામગીરીનો અહેવાલ તથા વર્ષ ૨૦૨૫નું આયોજન રજૂ કર્યુ હતું. આ ઉપક્રમે સંસ્થા કાર્યકરોનાં પરફોમન્સનું સાથી કાર્યકરો દ્વારા મૂલ્યાંકન કરવામાં આવેલ.

કાર્યકર સ્નેહમિલનમાં ઉપસ્થિત મહાનુભાવોએ કાર્યકરોને એક ટીમ તરીકે ઉત્કૃષ્ટ સેવા આપતા રહી, સંસ્થાના ૧૦૦માં વર્ષનાં વિઝન તરફ વધુ અસરકારી કાર્ય થાય તે લક્ષ્ય રાખી સેવા પ્રવૃત્તિ અંગે દિશા નિર્દેશ આપ્યો હતો. વાર્ષિક સ્નેહમિલન પ્રસંગે વડીલો દ્વારા તમામ કાર્યકરોને પુરસ્કૃત કરવામાં આવેલ. ભોજન બાદ સંપન્ન થયેલ કાર્યક્રમમાં પરિવારના તમામ સભ્યોએ પરસ્પરને શુભેચ્છા પાઠવી હતી.

વર્ષ ૨૦૨૪-૨૫ સંસ્થા કાર્યકરો દ્વારા થયેલ પ્રવૃત્તિઓ અને તેમા રચનાત્મકતા, આત્મવિશ્વાસ અને વ્યક્તિગત આનંદ તેમ ૯ મૂલ્યાંકન ગુણ આધારે ૨૯ વ્યક્તિઓના કુલ ગુણ ૨૬૧ માંથી ઉપરના ક્રમે ૮ કાર્યકરોની સાભાર નોંધ ગૌરવપ્રદ છે.

| કાર્યકરોના નામ | વિભાગ | સાથી કાર્યકરોનું મૂલ્યાંકન- ગુણ | | | |
|---|---|---|---|---|---|
| | | રચનાત્મક અભિગમ | વ્યક્તિગત આત્મવિશ્વાસ | વ્યક્તિગત આનંદ | કુલ |
| પ્રીતિબહેન ભટ્ટ | તાલિમ | ૮૦ | ૮૨ | ૭૪ | ૨૩૬ |
| નેહાબહેન ભટ્ટ | પ્રોજેક્ટ | ૭૫ | ૭૫ | ૭૪ | ૨૨૪ |
| હિનાબહેન ભટ્ટ | કાર્યક્રમો | ૭૫ | ૬૯ | ૭૬ | ૨૨૦ |
| સૃષ્ટિબહેન સોલંકી | કોમ્પ્યુટર | ૭૪ | ૭૨ | ૭૧ | ૨૧૭ |
| અનિલભાઈ બોરીચા | મિડિયા | ૭૫ | ૭૩ | ૬૮ | ૨૧૬ |
| ભાવિકાબહેન | ફિઝીયોથેરાપી | ૭૫ | ૭૩ | ૬૫ | ૨૧૩ |
| અભિલાષાબહેન | હોમિયોપેથી | ૭૩ | ૬૭ | ૬૯ | ૨૦૯ |
| ધર્મેશભાઈ વડોદરીયા | એકાઉન્ટન્ટ | ૭૨ | ૬૮ | ૬૯ | ૨૦૯ |



## શિશુવિહાર ટીમનું વિશિષ્ટ પ્રવૃત્તિ આયોજન - વર્ષ ૨૦૨૫

- કાર્યકર : શ્રી હિનાબહેન ભટ્ટ (કાર્યક્રમ સંકલન)

વર્ષ દરમ્યાન એક બાળમેળો યોજવો, શિશુવિહાર પરીસરના ઉપક્રમે વિવિધ ૭૦૦ પ્રવૃત્તિ યોજી સંકલન કરવું, સંસ્થાની ૧૦ પ્રવૃત્તિઓને સી.એસ.આર સાથે સાંકળવી, સંસ્થા કાર્યકરોની ૧૨ બેઠક અને તાલીમનું સંકલન કરવું. સંસ્થાનાં ધ્વજવંદન મેદાનને વધુ ઉપયોગી બનાવવું.

- કાર્યકર : શ્રી પ્રીતિબહેન ભટ્ટ (તાલીમ)

જીવન શિક્ષણ તાલીમ કેન્દ્રની સેવા ૧૦૦૦ વિદ્યાર્થીઓ સુધી વિસ્તારવી, તાલીમકેન્દ્રના ઉપક્રમે ૪ વિશિષ્ટ કાર્યક્રમો યોજવા, શિક્ષકો માટે જીવન કૌશલ્ય તાલીમ યોજી ૯૦ શિક્ષકોને તાલીમ આપવી, અંધ ઉદ્યોગ શાળાના બાળકો માટે જીવન શિક્ષણ તાલીમનું આયોજન કરવું, સીવણ તાલીમાર્થીઓ માટે ૧૨ વિશિષ્ટ કૌશલ્ય તાલીમ યોજવી.

- કાર્યકર : શ્રી કમલેશભાઈ વેગડ (ક્રીડાંગણ તાલીમ)

તાલીમાર્થીઓ માટે કેરીયર ડેવલપમેન્ટ અંગે ૪ વિશિષ્ટ કાર્યક્રમો યોજવા, રાજ્યપાલ પુરસ્કાર સ્કાઉટની તાલીમ ૧૨ વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ કરવી, ધોરણ ૧૦-૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનું ૧૦૦% પરિણામ લાવવા પ્રયત્ન કરવો, ક્રિડાંગણના તાલીમાર્થીઓની સંખ્યા ૬૦ કરવી. ક્રિડાંગણ વિદ્યાર્થીઓ માટે ૪ પ્રવાસો યોજવા.

- કાર્યકર : શ્રી મંગળસિંહભાઈ પરમાર (પુસ્તકાલય)

પુસ્તકાલય રીનોવેશન કરવું, પુસ્તકાલયનાં નિયમિત વાચકોની સંખ્યા ૪૦૦ કરવી, સંસ્થાના કાર્યકરો, વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓના વાલી માટે પુસ્તકાલય સંબંધિત ૮ કાર્યક્રમો યોજવા, પુસ્તકાલયનાં પુસ્તકો અને વાચકોની વિગત કોમ્પ્યુટરાઈઝ કરવી.

- કાર્યકર : શ્રી અનિલભાઈ જોષી (દર્દી સાધન સહાય)

દર્દી સાધન સહાય કેન્દ્રને સુવિધાપૂર્ણ બનાવવું, આરોગ્ય સાધન સહાય કેન્દ્રની આરોગ્ય ઉપરની અસરનો અભ્યાસ કરવો, સાધન સહાય કેન્દ્રને સી.એસ.આર. સાથે જોડવું.

- કાર્યકર : શ્રી ગુલાબબા ગોહિલ (સિવણ તાલીમ)

વર્ષ દરમ્યાન ૧૨ વિશિષ્ટ તાલીમ ગોઠવવી, જરૂરીયાતમંદ સીવણ તાલીમાર્થીઓને રૂા.૧,૦૦,૦૦૦/- ની રોજગારી આપવી, ૧૨ બહેનોને સીવણ સંચા આપવા, વર્ષ દરમ્યાન ૧૨૦ બહેનોને સીવણ તાલીમ આપવી.

• કાર્યકર : શ્રી અંકિતાબહેન ભટ્ટ (બાલમંદિર)

બાલમંદિર અને ક્રિડાંગણના વાલીઓને સાંકળી જાગ્રત વાલી મંડળના ૧૦ કાર્યક્રમો યોજવા. બાલમંદિરના બાળકોની સંખ્યા ૭૫ કરવી. ૮૨માં અનુભવ તાલીમ વર્ગનું સંકલન કરવું.

• કાર્યકર : શ્રી દીપાબહેન જોષી (ફીઝીયોથેરાપી ફિટનેસ)

ફીઝીયોથેરાપીના ઉપક્રમે ૪ શિબિરો યોજવી, ફીઝીયોથેરાપીનો ૪૦૦૦ દરદી સુધી લાભ વિસ્તારવો, બુધસભાના ઉપક્રમે ૪ શિબિરો યોજવી, બુધસભાની વાર્ષિક સભ્ય ફીનું આયોજન કરવું.

• કાર્યકર : શ્રી રાજુભાઈ મકવાણા (આરોગ્ય)

સંસ્થા તાલીમ કેન્દ્રનું નિર્માણ પુર્ણ કરવું, આરોગ્ય પ્રવૃત્તિઓની સામાજિક અસર અંગે અભ્યાસ પ્રકાશિત કરવો, આંગણવાડીના ૧૦૦૦ અતિ કુ-પોષિત બાળકોની આરોગ્ય તપાસ યોજવી.

• કાર્યકર : શ્રી અનિલભાઈ બોરીચા (સંકલન)

શિશુવિહારના કર્મી પુસ્તકનું પ્રકાશન કરવું, સંસ્થાની જૂની તસ્વીરોનું પ્રકાશન કરવું, તમામ કાર્યક્રમોના સોશિયલ ફલાયર બનાવવા

• કાર્યકર : શ્રી સૃષ્ટિબહેન સોલંકી (કોમ્પ્યુટર)

ક્રિડાંગણના તાલીમાર્થીઓને કોમ્પ્યુટર તાલીમ આપવી, સંસ્થાકીય પ્રવૃત્તિઓના સોશિયલ ફલાયર તૈયાર કરવા, બાલમંદિર આયોજન પુસ્તક પ્રકાશિત કરવું.

• કાર્યકર : શ્રી નેહાબહેન ભટ્ટ (પ્રોજેક્ટ)

શિશુવિહારની સામાજિક પ્રવૃત્તિઓને મૂલ્યમાં પરિવર્તીત કરવી. સંસ્થાનાં ૧૦૦ માં વર્ષની પ્રવૃત્તિની રૂપરેખા તૈયાર કરવી.

• કાર્યકર : ડૉ.અભિલાષાબહેન સોનપાલ (હોમીયોપથી કેન્દ્ર)

હોમીયોપથી સેન્ટરનો લાભ ૫૦૦૦ દર્દી સુધી વિસ્તારવો. વર્ષમાં ૪ કેમ્પ કરી ક્રિટીકલ પેશન્ટને કવર કરવા.

## શિશુવિહારની નિયમિત પ્રવૃત્તિઓ



### બાળ શિક્ષણ

### શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિર

• શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરમાં આક્ટોબર માસ દરમિયાન બાળકોની સંખ્યા ૬૫ રહી હતી. માસ દરમિયાન કુલ ૭ બાળકોના જન્મદિવસ વાલીની હાજરીમાં ઉજવાયા હતા. બાળકોમાં સમુહ ભાવના કેળવવાના હેતુથી બાળનાટકો, અંગ સ્વચ્છતાની તાલીમ આપવામાં





આરતી થાળી સ્પર્ધા



દિવાળી પર્વની ઉજવણી



વસ્ત્રોનું પ્રદર્શન



નવરાત્રી પર્વની ઉજવણી

આવેલ. બાળવયથી વૈજ્ઞાનિક અભિગમ કેળવવાના હેતુથી ડામરની ગોળીનું નૃત્ય, રંગનું મિશ્રણ પ્રકારે પ્રયોગ કરી બાળકોને બતાવેલ. માસ દરમિયાન વિવિધ વસ્ત્રનું પ્રદર્શન ગોઠવેલ જેમાં બાળકોની સંખ્યા ૫૩ અને વાલીની સંખ્યા ૧૩ રહી હતી. નવરાત્રી પ્રસંગે વાલીઓ માટે આરતી શણગાર હરિફાઈ રાખી હતી. જેમાં ૩૫ વાલી અને ભાગ લીધો હતો. તા. ૨૫ ને શુક્રવારે દિવાળી ઉત્સવની ઉજવણી કરવામાં આવેલ. જેમાં બાળકોની સંખ્યા ૫૦ રહી હતી. શિક્ષક બહેનોએ સાથે રહીને ફટાકડા ફોડવાનો આનંદ માણ્યો હતો.

શ્રી મોંઘીબહેન બધેકા બાલમંદિરના ઉપક્રમે ચાલતા ૮૧માં અનુભવ તાલીમ વર્ગમાં શ્રી પ્રીતિબહેન ભટ્ટે મોન્ટેસરીમાં બાળ અવલોકન, મુક્ત વ્યવસાયના સાધનની સમજ આપવામાં આવેલ. હસ્તઉદ્યોગમાં બટનકામ, બાટીકકામ, છાપકામની તાલીમ સાથે ગણિત ભાષામાં સમવિષયની રમત, ટોપલીની રમત, ગ્લાસની રમત, ૧૧ થી ૧૯ અંકના પાટિયા, અભિનય તાલીમ આપવામાં આવેલ. માસ દરમિયાન

તાલીમાર્થીઓને પોષક આહાર તૈયાર કરવાની તાલિમ પણ આપેલ.

ઓક્ટોબર માસ દરમિયાન સર્વશ્રી જયાબહેન મજીઠીયા, મોમીનાબેન કલીવાલા, ચંદ્રેશભાઈ બદીયાણી, રાજ કક્કા, દેવાંગભાઈ શાહ, શિવાનીબેન મિશ્રા, જશુબેન જાની, ચિરંતનભાઈ વોરા, માલવભાઈ શાહ, પ્રફુલ્લભાઈ શાહ, સુશીલાબેન શાહ  તરફથી બાળકોને ભોજન અને ૧૧ દાતાશ્રી તરફથી બાળકોને નાસ્તો આપવામાં આવેલ. તમામ દાતાશ્રીનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

**સંચાલક : શ્રી અંકિતાબહેન ભટ્ટ**

## આરોગ્ય

## ૪૯૬ તથા ૪૯૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ







• શિશુવિહાર સંસ્થામાં યોજાયેલ નેત્રયજ્ઞ દ્વારા ૪૬ જરૂરિયાતમંદ દર્દીઓને વિના મૂલ્યે નેત્ર સારવાર અપાઇ. શ્રી હરેશભાઇ ચીમનલાલ ડેલીવાલાના સૌજન્યથી ૪૯૬ મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ શિશુવિહાર સંસ્થામાં યોજાઇ ગયો, તેમજ શ્રીમતી જશકોરબહેન ન્યાલચંદભાઇ વકીલના સ્મરણાર્થે શ્રી જ્યોતિબહેન અને મનિષભાઇ વકીલની ઉપસ્થિતિમાં ૪૯૭મો પ્રભુકૃપા નેત્રયજ્ઞ તારીખ ૨૫ ઓક્ટોબરના રોજ શિશુવિહાર પ્રાંગણમાં યોજાયો.ગુજરાત અંધત્વ નિવારણ સોસાયટી તથા શેઠ શ્રી વી.સી.લોઢાવાળા હોસ્પિટલના સહયોગથી યોજાયેલ પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં ૪૬ દર્દીઓની આંખ તપાસ ડૉ.શ્રી હર્ષાબહેન તથા ડૉ.શ્રી ધ્રુવિલભાઈની ટીમ દ્વારા કરવામાં આવી. જે તમામને શિશુવિહાર પરિસરમાં ડૉ.મીનાક્ષીબહેન ભરતભાઈ ગરીવાલા ભોજનાલયમાં સવારે ચા-નાસ્તો બાદ જરૂરિયાતમંદ ૨૨ દર્દીઓને દિવાળી બાદ કેટ્રેક સર્જરી માટે લોઢાવાલા હોસ્પિટલમાં મોકલી આપવામાં આવનાર છે.

'દર્દી દેવોભવ'ની ભાવનાથી વર્ષ ૧૯૬૮થી ચાલતા પ્રભુકૃપા નેત્રયજ્ઞમાં શિશુવિહાર સંસ્થાના તમામ કાર્યકરોએ સેવા આપી હતી.

**સંચાલક : શ્રી રાજુભાઈ મકવાણા**

## જીવન શિક્ષણ (કૌશલ્ય તાલીમ)

## ક્રીડાંગણ-સ્કાઉટ તાલીમ :




• ઓક્ટોબર માસ દરમિયાન તાલીમાર્થીઓની સરેરાશ હાજરી ૩૫ રહી હતી. નિયમિત તાલીમ ઉપરાંત દિવાળી પર્વ પ્રસંગે વિદ્યાર્થીઓએ સમૂહમાં ફટાકડા ફોડવાનો આનંદ લીધો હતો. તેમ ધનતેરસના દિવસે વિવિધ રંગોળી પ્રદર્શિત કરી હતી. ડૉ. અશોકભાઇ, શ્રી રમેશભાઇ અને શ્રી પ્રીતિબહેનના માર્ગદર્શનથી યોજાએલ પ્રવૃત્તિમાં વિદ્યાર્થી કુલદીપ મકવાણા, અભિ ગુજરીયા તથા વિરેન રાઠોડનું કાર્ય પ્રશંસનીય રહ્યું હતું. સંસ્થાના કાર્યકર ડૉ.અરવિંદભાઇ ત્રિવેદી, શ્રી રાજુભાઇ મકવાણા તથા ચિ.જાનકી સુતરીયાના જન્મદિવસે પોષક આહાર આપવામાં આવેલ. ક્રિડાંગણના તાલીમાર્થીઓએ નવરાત્રી પર્વ સંસ્થા પ્રાંગણમાં ઉજવ્યો હતો.

શિશુવિહાર સંસ્થાના ૮૬માં વર્ષ પ્રારંભે યોજાએલ સ્નેહમિલન પ્રસંગે પણ તાલીમાર્થીઓ તેમના વાલી સાથે જોડાયા હતા.

**સંચાલક : શ્રી કમલેશભાઇ વેગડ**

### ફિઝિયૉથેરાપી તથા ફિટનેસ સેન્ટર:

શ્રી શેઠ પરિવાર પ્રેરિત ફિઝિયોથેરાપી સેન્ટરમાં સવારે ૯:૦૦થી ૧:૦૦ તથા સાંજના ૪:૦૦થી ૬:૦૦ દરમિયાન શરીરનાં વિવિધ દુ:ખાવાની સારવાર આપવામાં આવે છે. ડૉ.ભાવિકાબહેન હરિયાણીનાં કન્સલ્ટેશન હેઠળ ઓક્ટોબર માસમાં ૫૬૧ દર્દીઓએ સારવાર લીધી હતી, તેમજ ફિટનેસ સેન્ટરમાં ૬ બહેન જોડાયાં હતાં.

સંચાલક : શ્રી દીપાબહેન જોશી

### વયસ્કો માટે ૩૫૬ મી દ્રષ્ટિ ચકાસણી શિબિર:

સ્વ. શ્રી સુધાબહેન કનુભાઈ શાહ ચેરિટેબલ ટ્રસ્ટનાં સૌજન્યથી તથા સ્વ.હસમુખભાઈ સરવૈયાના સ્મરણાર્થે ઓક્ટોબર માસમાં ૪ શનિવારે દ્રષ્ટિ ચકાસણી શિબિર યોજાઈ. શ્રી અંકિતાબહેન ભટ્ટે Refractometer દ્વારા ૮૮ વયસ્કોની આંખ તપાસ કર્યા બાદ ૬૦ વયસ્કોને ચશ્માં આપવામાં આવ્યા.

સંચાલક: શ્રી રાજુભાઈ મકવાણા

### શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટર:

ઓક્ટોબર માસમાં શ્રી સુશીલાબહેન રમણિકલાલ મહેતા મેડિકલ સેન્ટરમાં સોમવારથી શુક્રવાર સાંજના ૪થી૬ દરમિયાન એલૉપેથીની સારવારનો લાભ ૩૮૬ દર્દીઓએ લીધો હતો. મેડિકલ સેન્ટરનાં નિષ્ણાત ડૉક્ટર દ્વારા જરૂરિયાત મુજબ દર્દીઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી.

સંચાલક : ડૉ.અરવિંદભાઈ ત્રિવેદી

### આરોગ્યવર્ધક ઔષધિ પીણું:

શ્રી નિશીથભાઈ મહેતાના સૌજન્યથી ચાલતા આરોગ્યવર્ધક ઔષધિ પરબમાં સાંજનાં ૫:૩૦ થી ૬:૩૦ દરમિયાન ઉકાળો મળે છે. શરીરની ઈમ્યુનિટી વધારવાના ઉપાય સ્વરૂપે આ સેવાનો લાભ ઓક્ટોબર માસ દરમિયાન ૧૫૦૦ નાગરિકોએ લીધો.

સંચાલક : શ્રી નરસિંહભાઈ મકવાણા

### હૉમિયોપેથિક સ્વાસ્થ્ય કેન્દ્ર:

ભાવનગરનાં સામાજિક સ્વાસ્થ્ય માટે છેલ્લાં ૨૩ વર્ષથી કાર્યન્વિત સ્વામી વિવેકાનંદ હૉમિયોપેથિક હોસ્પિટલ, ભાવનગરના ઉપક્રમે શિશુવિહાર સંસ્થામાં ચાલતા કેન્દ્રમાં ડૉ.અભિલાષા સોનપાલ તેમજ તાલીમાર્થી વિદ્યાર્થીઓની દેખભાળ સાથે દર્દીઓને સવારે ૯:૩૦થી૧૨:૩૦ તથા સાંજે ૪:૦૦ થી ૬:૦૦ નિ:શુલ્ક તપાસ, દવા આપવામાં આવે છે. હોમિયોપેથિક કેન્દ્રનો લાભ ઓક્ટોબર માસ દરમિયાન ૩૩૧ દર્દીઓએ લીધો હતો.

સંચાલક : ડૉ.અભિલાષા સોનપાલ



### ડાયટ કાઉન્સીલિંગ સેન્ટર :

શિશુવિહાર કેન્દ્રથી કાર્યાન્વિત સ્વાસ્થ્ય સેવાઓમાં આવતા દર્દીઓના માર્ગદર્શન માટે ન્યુટ્રીશ્યનિસ્ટ તરીકે સેવા આપતા શ્રી છાયાબહેન રાણીંગા દ્વારા સાંજના ૬થી૭ સમતોલ આહાર અંગે માર્ગદર્શન આપવામાં આવે છે. ઓક્ટોબર માસમાં ડાયટ કાઉન્સીલિંગ સેન્ટરમાં ૫ દરદીઓને સલાહ મળેલ છે.

સંચાલક : શ્રી છાયાબહેન રાણીંગા

### શ્રી ગોખલે જ્ઞાન મંદિર પુસ્તકાલય-શિશુવિહાર :

ઓક્ટોબર માસમાં ૨૦૦ વાચક સભ્યોએ ૨૨૫ પુસ્તકો વાચ્યાં હતાં. '૫૦ પુસ્તકો'(શિલ્પાબહેન રાઠોડ), 'પ્રાર્થના સુમન તથા ધર્મ જીવન તથા સાધના- પુસ્તક નંગ ૭ ભેટ'(વર્ષાબહેન દવે)'૧૮ પુસ્તક'(પિયુષભાઈ પારાશર્ય), 'સુરેશભાઈ ભટ્ટ તરફથી ૬૦ પુસ્તક' સંસ્થાનાં પુસ્તકાલયમાં ભેટ સ્વરૂપે મળ્યા છે. જેનો સાભાર સ્વીકાર છે.

સંચાલક : શ્રી મંગળસિંહ પરમાર

### બાલદેવ વન:

ઓક્ટોબર માસ દરમિયાન શ્રી તદ્દરૂપાનંદ બાલદેવનમાં તથા એક્સેલ ક્રોપ કેર લિ. પ્રેરિત 'નૉલેજ પાર્ક'માં કુલ ૪૭૮ બાળકો પોતાનાં વાલી સાથે રમવાં આવ્યાં હતાં. નાઈસ ધ પ્રાઈમરી સ્કૂલના ૨૨૫ બાળકો, બાલદેવવનમાં રમવા આવતાં તમામ બાળકોને સંસ્થા તરફથી'બાળ આરોગ્ય સૂત્ર'પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

### ર.વિ.ગોસળિયા ક્રિડાંગણ:

ક્રિડાંગણમાં મુક્ત મને નિજાનંદ માણતાં બાલદેવોનું દર્શન એક લ્હાવો છે. હીંચકા, ઉંચક-નીચક, બેલેન્સી ચાલ, લસરપટ્ટી જેવાં સાધનો ઉપર બાળકો ખૂબ મજા માણે છે. ઓક્ટોબર માસ દરમિયાન ૪૦૦૦ બાળકોએ કુદરતી વાતાવરણમાં રમી મોજ કરેલ.

સંચાલક : શ્રી કમલેશભાઈ વેગડ

### સંગીત વર્ગ:

ઓક્ટોબર માસ દરમિયાન સંસ્થા સંગીત વર્ગમાં ૪ તાલીમાર્થીને સુગમ તથા ફિલ્મી ગીત-સંગીતની તાલીમ આપવામાં આવેલ.

સંચાલક : શ્રી દેવુભાઈ મહેતા

### હસ્ત ઉદ્યોગ કાર્યશાળા:

શ્રી મીનાબહેન પ્રમોદચંદ્ર હેમાણી કૌશલ્ય તાલીમ શાળામાં પ્રત્યેક શનિવારે સાંજે ૫:૦૦થી૬:૩૦ દરમ્યાન વિદ્યાર્થીઓને જીવન શિક્ષણ તાલીમ આપવામાં આવે છે. ઓક્ટોબર માસમાં ક્રમાંક ૨૨૧ થી ૨૨૩મી તાલીમ અંતર્ગત વિદ્યાર્થીઓને દીવા ડેકોરેશન, ફેન્સી તોરણ અને રંગોળી બનાવવાની તાલીમ આપવામાં આવી હતી, જેમાં ૯૦ સ્કાઉટે ભાગ લીધો હતો.

સંચાલક : શ્રી પ્રીતિબહેન ભટ્ટ

### જ્યોતિમંડળ મહિલા સીવણ તાલીમ:

(ડૉ.બાબાસાહેબ આંબેડકર ઑપન યુનિવર્સિટી ડિસ્ટન્સ લર્નિંગ સેન્ટર દ્વારા માન્યતા પ્રાપ્ત)

ઓક્ટોબર માસ દરમિયાન સીવણ તાલીમ વર્ગમાં બહેનોની સંખ્યા ૨૬ રહી હતી. સંસ્થાના કાર્યકર શ્રી પ્રીતિબહેન ભટ્ટ દ્વારા તમામ બહેનોને ટોડલીયા બનાવવાની તાલીમ આપવામાં આવી હતી.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### તાલીમ:

શિશુવિહાર સંસ્થાનાં વિભાગીય સંવાહકોની બેઠક તારીખ ૫ ઓક્ટોબર યોજાયેલ, જેમાં માસ દરમિયાનનાં નિયત કાર્યો તથા આયોજિત કાર્યો પૈકી બાકી રહેલ કાર્યોનાં મૂલ્યાંકનની સાથોસાથ સંસ્થાગત પ્રવૃત્તિ અંગે કાર્યકરો સાથે ચર્ચા કરવામાં આવી.

સંચાલક : શ્રી હીનાબહેન ભટ્ટ

### માંદગી સાધનસહાય:

માંદગીવશ હંગામી ધોરણે દર્દીઓને ઉપયોગી બનતાં સાધનો શિશુવિહાર સંસ્થામાંથી ૩૦ દિવસ માટે નિયત ડિપૉઝિટથી આપવામાં આવે છે. ઓક્ટોબર માસ દરમિયાન સ્વ.ફૂલચંદભાઈ પી. તંબોળી ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ઉપલબ્ધ સાધનોનો ૫૫ દર્દીઓએ લાભ લીધો હતો.

સંચાલક : શ્રી અનિલભાઈ જોશી

### દિવ્યજીવન:

શિશુવિહાર દિવ્યજીવનની પ્રાર્થના માસના પ્રત્યેક શુક્રવારે સાંજે ૬ વાગે યોજાય છે. જેમાં જિજ્ઞાસુ સાધકો ભાગ લે છે. માસની ૨૪મીએ પૂજ્ય સ્વામી ચિદાનંદજી મહારાજની પાદુકાપૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

સંચાલક : શ્રી ઈન્દાબહેન ભટ્ટ





### સ્વ-રોજગાર:

સંસ્થાની સ્વ-રોજગાર પ્રવૃત્તિ અંતર્ગત ૬ શ્રમિક બહેન દ્વારા ઓક્ટોબર માસમાં કાપડની ૯૮૦ થેલી તૈયાર થતાં કુલ રૂ.૪૯૦૦/- ની રોજગારી મેળવેલ છે. પર્યાવરણ જાળવણી માટે પ્લાસ્ટિક વપરાશને ઘટાડવા માટેના સંસ્થાનાં પ્રયત્નોને ગતિ આપતા અત્યાર સુધીમાં ૧,૧૧,૨૮૯ કાપડની થેલીઓ જરૂરિયાતમંદ કુટુંબો સુધી પહોંચાડવામાં આવી છે.

સંચાલક : શ્રી ગુલાબબા ગોહિલ

### જીવન શિક્ષણ તાલીમ:

ભાવનગરમાં ડ્રોપ નામની સંસ્થા થકી સેવાભાવી યુવક મિત્રો દ્વારા પ્રભુદાસ તળાવ તથા સુભાષનગર વિસ્તારની ઝૂંપડપટ્ટીના ૨૦ બાળકો માટે અ-વૈધિક તાલીમ આપવામાં આવે છે. મહિનાના ૧૭ દિવસ સાંજના ૬:૦૦ થી ૭:૩૦ દરમિયાન શિશુવિહાર પ્રાંગણમાં ૨૦ ગરીબ બાળકોને નાસ્તો, વાંચન-ગણન,ક્રાફટ અને રમત ગમત પ્રવૃત્તિઓ સાથે જોડવામાં આવે છે.

સંચાલક :શ્રી હિમાંશુભાઈ શાહ

### મનોરંજન:

બાલમંદિર અને શાળા-કૉલેજનાં વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ વિવિધ પોશાક સંસ્થાનાં મનોરંજન વિભાગમાંથી સાંજનાં ૪:૩૦થી૭:૩૦ દરમિયાન મળી શકે છે. ઓક્ટોબર માસ દરમિયાન ૪ સંસ્થાએ મનોરંજનના પોશાકનો લાભ લીધો હતો.

સંચાલક :શ્રી મીનાબહેન મકવાણા

## પ્રચાર-પ્રસાર



વાચકોને રૂ.૨૫૦ આપી સંસ્થા સામયિકના સભ્ય બનવા અનુરોધ છે.

સંચાલક : શ્રી અનિલભાઈ બોરીચા

### અખબાર તથા ટેલીવિઝનમાં શિશુવિહાર:

રાજ્યનાં વિવિધ ૨૬ ગુજરાતી અખબારોમાં સંસ્થાની પ્રવૃત્તિઓની ઓક્ટોબર માસમાં ૧૫૩ પ્રેસનોટ પ્રકાશિત થઈ હતી. તથા ૧ ઈલેક્ટ્રોનિક મીડિયામાં પ્રકાશિત કરવામાં આવી હતી.

ઓક્ટોબર માસમાં સંસ્થાનાં ફેસબુકનાં followersની સંખ્યા૫.૦k અને ઈન્સ્ટાગ્રામનાં followersની સંખ્યા ૬૪૪ રહી હતી.

સંચાલક: શ્રી અનિલભાઈ બોરીચા

## • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાય •

સંસ્થા સૌનો હાર્દિક આભાર માને છે

### • સદ્ભાવભરી સ્વૈચ્છિક સહાયનાં દાતાશ્રીઓ •

| | | |
|---|---|---|
| 2,05,000.00 | શ્રી હિરાબહેન માનભાઈ ભટ્ટનાં સ્મરણાર્થે - શ્રી ઈન્દાબહેન ભટ્ટ | કન્યા કેળવણી, મહિલા સશક્તિકરણ સહાય |
| 55,000.00 | શ્રી વિનોદભાઈ જે ત્રિવેદીના સ્મરણાર્થે - શ્રી હિમેશભાઈ ત્રિવેદી | નાગરિક સન્માન સહાય |
| 11,000.00 | શ્રી મનિષભાઈ નિર્મળભાઈ વકીલ | વૃદ્ધજન સન્માન |
| 11,000.00 | શ્રી કિશોરભાઈ હરિલાલ દઢીયા | વૃદ્ધજન સન્માન |
| 6,000.00 | શ્રી નિરવભાઈ શાહ | શૈક્ષણિક સહાય |
| 5,000.00 | શ્રી સુધાબહેન કે. શાહ ચે.ટ્રસ્ટ | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 5,000.00 | શ્રી હેમેન્દ્રભાઈ સી.વળીયા | સ્ત્રી સશક્તિકરણ સહાય |
| 5,000.00 | શ્રી સજ્જનદેવી માણેકલાલ મહેતા ધર્માદા ટ્રસ્ટ | નાગરિક સન્માન |
| 5,000.00 | સ્વ.હસમુખભાઈ સરવૈયા | દ્રષ્ટિ ચકાસણી સહાય |
| 3,000.00 | શ્રી ધનજીભાઈ મોહનભાઈ કાબરીયા | સર્વાંગી વિકાસ સહાય |

## બુધસભાઃ




• તા. ૨/૧૦/૨૪ બુધસભાની ૨૩૦૭ મી બેઠકમાં કવિતા આસ્વાદ શ્રેણી અંતર્ગત ડૉ. ભરતભાઈ મિસ્ત્રીએ ગાંધી જયંતિ નિમિત્તે ગાંધી વિશેની તેમની કવિતાનો આસ્વાદ કરાવ્યો હતો. ખાસ કરીને મહાત્માની સ્વધર્મની વાત દ્વારા વ્યક્તિમા અને સમષ્ટીમાં વસતા ચૈતન્ય સાથેના એકત્વ, અહમ, શૂન્ય થઈને અસ્તિત્વને ઓગાળવું, હૃદયને હૃદય સાથે જોડવાના વિચારો વ્યક્ત કર્યા હતા. ૧૮ થી વધુ ભાવકોએ લાભ લીધો હતો. બેઠકનું



સચાલન છાયાબહેન પારેખે કર્યુ હતું. અવસર અભિવ્યક્તિ સંદર્ભે બીજી બેઠકમાં નવરાત્રી, વિજ્યા, શરદપૂર્ણિમા સંદર્ભે ઉપસ્થિત કવિઓએ કવિતાઓ રજૂ કરી. શ્રી પરેશભાઈ ત્રિવેદીનાં સંકલન સાથે ૨૨ સાહિત્યકારો બેઠકમાં સહભાગી થયા હતા. ડૉ.માનસી ત્રિવેદીનાં સંચાલનમાં મળેલ ત્રીજી બેઠકમાં ''સર્જનની પૂર્વ ક્ષણોમાં'' સંવાદ અંતર્ગત જાણીતા કટાર લેખક, કોલમિસ્ટ શ્રી ડૉ.નાનકભાઈ ભટ્ટ દ્વારા પોતાના સર્જન અને અનુભવને સાંકળી લેખનના અલગ અલગ માપદંડો આવરી લઈને વાત કરી હતી. જેમાં આજની સમાજ વ્યવસ્થા, મૂલ્યનિષ્ઠ શિક્ષણવ્યવસ્થાની જરૂરિયાત, લોકતંત્ર અને મનોવિજ્ઞાન, સર્જકની સમાજ જીવન પર અસર, ઉપરાંત શિશુવિહાર સંસ્થાના મંત્રી તરીકે શિશુવિહારના શતાબ્દી વર્ષ માટેની દિશા જેવા પાસાઓ વિશે રસપ્રદ સંવાદ યોજ્યો હતો. છેલ્લા ૪૨ વર્ષથી સામાજિક ક્ષેત્રે પ્રદાન કરતા અને હાલ શિશુવિહાર સંસ્થાના મંત્રીશ્રી નાનકભાઈ ભટ્ટ સાથેના સંવાદમાં ૩૮ શ્રોતાઓ જોડાયા હતા. શ્રી વર્ષાબહેન પંડયા જાનીના સંચાલનમાં દિવંગત કવિના જીવન કવન શ્રેણી અંતર્ગત સર્જક શ્રી કેસરભાઈ મકવાણાએ કવિશ્રી સાકિન કેશવાણીનાં જીવન કવન વિશે વકતવ્ય આપ્યું હતું. સભામાં ૨૧ જેટલાં સર્જકો ઉપસ્થિત રહયાં હતાં. ઓકટોબર માસની પાંચમી અને ૨૩૧૧મી બેઠકે પ્રા.શ્રી હિમલભાઈ પંડયાનાં સંકલનમાં મુશાયરો યોજાઈ ગયો. જેમાં શ્રી દિલેરબાબુ, દિનકર પથિક, ગુણવંત ઉપાધ્યાય, મીરા આસિફ, મન્સુર કુરેશી, ગાફિલ ભાવનગરી તથા મહેન્દ્ર ગોહિલની કવિતાઓ રજુ કરી. આ પ્રસંગે લંડનની ખાસ શ્રી હર્ષજિત ઠક્કર ઉપસ્થિત રહયા હતા. આ મુશાયરામાં ૪૮ થી વધુ શ્રોતાઓને મોજ કરાવી હતી. દિવાળી પર્વની શુભેચ્છા અને ચા-નાસ્તા સાથે સંપન્ન થએલ ઓકટોબરની કાવ્ય ગોષ્ઠીઓમાં ૧૪૭ મિત્રો જોડાયા હતા.

### : સાભાર સ્વિકાર :

- પ્રાધ્યાપિકા ડૉ.પુષ્પાબહેન ભટ્ટ તરફથી સીવણ પ્રવૃત્તિ માટે પાંચ આધુનિક સંચા મળ્યા છે. વર્ષ ૧૯૪૦થી અવિરતપણે ચાલતી અને ૧૧૦૦૦ થી વધુ લાભાન્વિત તાલીમાર્થીઓ માટેની સીવણ પ્રવૃત્તિમાં અનન્ય સહયોગ આપનાર શ્રી પુષ્પાબહેન ભટ્ટનો સંસ્થા આભાર માને છે.
- શ્રી ઉમાબહેન સંજયભાઈ શાહ દ્વારા બાલમંદિરનાં બાળકો માટે ૪×૪ નું રાઈટીંગ બોર્ડ મળ્યું છે. સંસ્થા દાતાશ્રીનો આભાર માને છે.

## વૃદ્ધજન સન્માન સમારંભ વર્ષ - ૨૦૨૪
## સન્માનિતોનો પરિચય

### શ્રી જીજીભાઇ ચૌહાણ (જન્મઃ ૧/૧૧/૧૯૪૪)




બુનિયાદી અધ્યાપન મંદિર ઘરશાળાના ૧૯૬૩ના વિદ્યાર્થી જીજીભાઇ લોકનિકેતન ટ્રસ્ટ બેલાના સ્થાપક, મેનેજીંગ ટ્રસ્ટી છે. ઉપરાંત ઉમરલા સેવા સહકારી મંડળીના પ્રમુખ છે. તેમજ કલેક્ટરશ્રીના અધ્યક્ષસ્થાને ચાલતી પ્રાણી અત્યાચાર નિવારણ સોસાયટીના સભ્ય છે. તેમણે ૧૯૬૩માં શિક્ષક તરીકે દેવળીયા (તા.તળાજા) પ્રાથમિક શાળામાં કારકિર્દી શરૂ કરી. ૧૯૯૪ માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઇને શ્રી મનુભાઇ પંચોળી, શ્રી અનિલભાઇ ભટ્ટના માર્ગદર્શન અને સ્થાનિક આગેવાનોના સહકારથી લોકનિકેતન ટ્રસ્ટના શ્રી ગણેશ કર્યા. તેમના પિતાશ્રી ગામના સરપંચ, તેથી નેતૃત્વના સંસ્કાર તેમને વારસામાં મળ્યા છે. ખેડૂતો, પશુપાલકો તથા દૂધ ઉત્પાદકો માટેની સહકારી પ્રવૃત્તિનાં ક્ષેત્રે તેમનું બહુમૂલ્ય યોગદાન છે. શ્રી જીજીભાઇ ચૌહાણ આજે પણ પોતાના ટ્રસ્ટની પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહયા છે.

નઇતાલીમની કેળવણી સાથે બાલમંદિરથી ઉચ્ચતર માધ્યમિક વિજ્ઞાન પ્રવાહ. કુમાર અને કન્યા છાત્રાલય. રમત ગમત, કલા અને વિજ્ઞાન ક્ષેત્રે બાળકોએ અનન્ય સફળતા હાંસલ કરી છે. ગૌશાળા સંચાલન, ગીર ગૌવંશનું સંવર્ધન. વનીકરણ અને વૃક્ષારોપણ. જળસંગ્રહ, કમ્પ્યુટર અને ટેકનિકલ શિક્ષણ, આરોગ્ય સેવા, ખાદી પ્રોત્સાહન. નઇ તાલીમનાં પ્રખર હિમાયતી શ્રી જીજીભાઇનાં માર્ગદર્શન હેઠળ ગ્રામોત્થાનના અનેકવિધ કાર્યક્રમો યોજાઇ રહયાં છે. તેમની કોઠાસૂઝ અને વહીવટી કુશળતાને પરિણામે સંસ્થા આજે વટવૃક્ષ બની છે. કારડીયા રાજપૂત સમાજ દ્વારા તેઓ સન્માનિત થયા છે. શિશુવિહાર સંસ્થા ઘસાઇને ઉજળા થનાર ગુજરાતના વરિષ્ઠ નાગરિક શ્રી જીજીભાઇ ચૌહાણનું અભિવાદન કરતા ગૌરવ અનુભવે છે. સંપર્કઃ ૯૪૨૭૪૩૨૨૭૨

### શ્રી ફાજલભાઇ ચૌહાણ (જન્મઃ ૨૯/૪/૧૯૩૭)

લોકભારતી અધ્યાપન મંદિરના પ્રથમ બેચના વિદ્યાર્થી, આંબલા પ્રાથમિક શાળામાં ૧૯૫૫ થી ૧૯૯૧ સુધી નિષ્ઠાવાન, પ્રયોગશીલ શિક્ષક





અને આચાર્ય તેમજ ૧૯૯૧ થી ૧૯૯૫ કેળવણી નિરીક્ષક તરીકે સક્રિય શ્રી ફાજલભાઇ માટે નાનાભાઇ ભટ્ટ, મનુભાઇ પંચોળી, બુચદાદા, મૂળશંકરભાઇ ભટ્ટ જેવા કેળવણીકારો પ્રેરણાસ્ત્રોત છે. પ્રાથમિક શાળા આંબલામાં નઇ તાલીમની જે નમૂનેદાર પ્રવૃત્તિઓ યોજાતી હતી તેની તત્કાલિન ઉપરાષ્ટ્રપતિ ડૉ.ઝાકિર હુસેને પણ સંસ્થાની મુલાકાત લઇ બિરદાવી હતી.સમગ્ર ગુજરાતના મુસ્લિમ સિપાઇ સમાજને શૈક્ષણિક, સામાજિક રીતે જાગૃત કરવા તેમણે અખિલ ગુજરાત સિપાઇ સમાજની સ્થાપના કરી છે. ૩૦ વર્ષ તેનું સંચાલન કર્યું. વિનોબાજીના ભૂદાન યજ્ઞમાં તેઓ આંબલાથી ચાવંડ સુધી સાથે રહયા હતા. નિવૃત્તિ પછી આંબલાના વતની, સમગ્ર જિલ્લાના અગ્રણી એવા મેહુરભાઇ લવતુકા સાથે કન્યા વિદ્યાલય વળાવડની ૨૦૦૦માં સ્થાપના કરી છે. લોકભારતી, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા તેમજ મુસ્લિમ સિપાઇ સમાજ દ્વારા તેમને સન્માનિત કરવામાં આવ્યા છે. ગુજરાતના વરિષ્ઠ નાગરિક તરીકે કન્યા કેળવણી માટે વિશેષ સક્રિય શ્રી ફાજલભાઇનું અભિવાદન એટલે મૂલ્યનિષ્ઠ શિક્ષણનું અભિવાદન. શિશુવિહાર સંસ્થા શ્રી ફાજલભાઇનું અભિવાદન કરતા ગૌરવ અનુભવે છે. (સંપર્કઃ ૯૮૭૯૧૭૫૩૬૬)

### શ્રી સુરસંગભાઇ ચૌહાણ (જન્મઃ ૫/૬/૧૯૪૯)



સુરસંગભાઇ લોકભારતીના સ્નાતક તેમજ ગુજરાત વિદ્યાપીઠના બી.એડ. છે. સર્વોદય ઉત્તર બુનિયાદી વિદ્યાલય ટંકારિયા (જી.જામનગર)ના નિવૃત્ત આચાર્ય છે. અત્યારે ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા, મણારના નિયામક તરીકે માનદ સેવા આપે છે. દેવભૂમિ દ્વારકાના અછતગ્રસ્ત એવા જામકલ્યાણ તાલુકામાં જ્યાં શિક્ષણનું પ્રમાણ નહિવત હતું ત્યાં ૧૯૭૨માં ઉત્તર બુનિયાદી વિદ્યાલય તથા બક્ષીપંચ છાત્રાલય તેમજ બક્ષીપંચ આશ્રમશાળાની સ્થાપના કરી. ૪૦ વર્ષ સુધી તેનું સંચાલન કર્યું. જ્યોતિ ટ્રસ્ટના સહયોગથી કલ્યાણપુર તાલુકાના ૧૨ ગામમાં વોટરશેડ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ અંતર્ગત ૫૬ ચેકડેમ તૈયાર કર્યા છે.

વાસ્મો પ્રોજેક્ટ નીચે ૨૯ ગામમાં ઘેર ઘેર નળ યોજના સાકારીત કરી. કચ્છના ભૂકંપગ્રસ્ત ૧૧ ગામોમાં મકાનો તૈયાર કર્યા છે. ૩૦ ગામમાં ૫૧ મહિલા સ્વનિર્ભર જૂથ તેમજ ૧૧ ગામમાં ખેડૂત મંડળો શરૂ કર્યા છે. ટંકારિયા ગામે રાહતભાવે દવાખાનું અને ૪ ગામોમાં બાલમંદિરોનો શુભારંભ શ્રી સુરસંગભાઇનું આગવું પ્રદાન છે.

લોકભારતી દ્વારા શિક્ષણ અને સામાજિક ક્ષેત્રે શ્રેષ્ઠ કામગીરી કરનાર જે ૩૦ વિદ્યાર્થીઓની પુસ્તિકા 'ઝાડનાં પારખા ફળ ઉપરથી' શ્રેણી અન્વયે પ્રકાશિત થઇ છે તેમાં તેમની પુસ્તિકા છે. સન્માનિત શ્રી સુરસંગભાઇનું લોકભારતી તેમજ ચંદેરિયા ટ્રસ્ટ દ્વારા સન્માન થયું છે. જામનગર જીલ્લાના શ્રેષ્ઠ આચાર્ય તરીકે વિભૂષિત થયા છે. ગુજરાતનાં વરિષ્ઠ નાગરિક તરીકે લોક સેવક શ્રી સુરસંગભાઇ ચૌહાણની સેવાને બીરદાવતા શિશુવિહાર ગૌરવ અનુભવે છે. (સંપર્ક: ૯૯૨૫૬૩૨૩૦૪)

## શ્રી કાંતિભાઇ પરસાણ (જન્મઃ ૨૯/૮/૧૯૩૮)



વર્ષ ૧૯૫૯-૬૦ માં લોકશાળા ખડસલીમાં ઉત્તર બુનિયાદી (વિનિત પાસ: ઓલ્ડ SSC) થયા પછી હિન્દી તીસરી પરીક્ષામાં ઉત્તીર્ણ થયા પછી તેઓ નિરંતર ખેતી- ગોપાલન, ખાદી ગ્રામોદ્યોગ, સામાજિક સહકારી સંસ્થાઓના સફળ, અનુભવી સંચાલક રહયા છે. ૧૯૫૧ થી કરુણાપ્રધાન ખાદીનાં વસ્ત્રો ધારણ કર્યા છે. તેમના પ્રેરણાસ્ત્રોત છે સમર્પિત ગુરુજનો લલ્લુભાઇ શેઠ, નાનાભાઇ ભટ્ટ, મનુભાઇ પંચોળી, વજુભાઇ શાહ. તેમણે ૨૦ વર્ષ પૂર્વે થોરડી (તા.સાવરકુંડલા) મુકામે લોકસેવક સંઘની સ્થાપના કરી છે. અત્યારે મેનેજીંગ ટ્રસ્ટી છે. તેમની પ્રવૃત્તિઓ છે:

ગ્રામીણ વિસ્તારના વંચિત બાળકોનાં શિક્ષણ માટે પ્રાથમિક શાળા તેમજ ૧૨ ધોરણ સુધીની માધ્યમિક શાળા, દિવ્યાંગ-દ્રષ્ટિહિન બાળકો માટે નિવાસી અંધ વિદ્યાલય, પુનઃવર્સન તાલીમ, વિકલાંગોને નિઃશુલ્ક સાધન સહાય, મહિલા સશક્તિકરણ, વ્યસનમુક્તિ, સજીવખેતી, ગૌસંવર્ધન, પર્યાવરણ, જળસંરક્ષણ, વૃક્ષારોપણ, બિનપરંપરાગત ઉર્જાનો ઉપયોગ, સર્વરોગ નિદાન- સારવાર કેમ્પ, લઘુઉદ્યોગ તાલીમ કેન્દ્ર, કુદરતી માનવીય આપત્તિ સમયે સહાયકાર્ય.શ્રી કાન્તિભાઇ પરસાણ સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ રાજકોટ, આર્શીવાદ ફાઉન્ડેશન તથા અન્ય સંસ્થાઓ



દ્વારા સન્માન થયું છે. ગુજરાતના મુઠી ઉંચેરા લોક સેવક તરીકે શ્રી કાંતિભાઇનું અભિવાદન સમસ્ત વડીલો માટે પ્રેરણાદાયી બને છે. (સંપર્ક: ૯૪૨૮૪૧૭૫૮૪)

## શિશુવિહાર પ્રાંગણમાં યોજાયેલ વિશિષ્ટ પ્રવૃત્તિ

- નવરાત્ર પ્રસંગે કંકાવટી ગ્રુપ દ્વારા ખાસ બહેનો માટે ગરબા યોજાયા. ૧ ઓક્ટોબરે યોજાએલ સાંસ્કૃતિક કાર્યક્રમમાં એકત્ર ૩૦૦ થી વધુ બહેનોને શ્રી રાજેશ્વરીબહેન પરમારે પ્રેરિત કર્યા હતા.
- સર પી.પી. ઇન્સ્ટીટયુટ ઓફ સાયન્સના ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટનાં વિદ્યાર્થીઓનો સાંસ્કૃતિક કાર્યક્રમ ૫ ઓક્ટોબરે સંસ્થાના રંગમંચ ઉપર પ્રસ્તુતિ પામ્યો. મોડી સાંજે ભોજન સાથે સંપન્ન થયેલ કાર્યક્રમનું સંકલન પ્રા.ડૉ.નાવડીયાએ કર્યુ હતું.
- શ્રી વિક્રમભાઇ બોરીચા તથા શ્રી નરેશભાઇ રાઠોડના સંકલન તળે તા. ૬ ઓક્ટોબરે સંસ્થા રંગમંચ પર જૂનાં હિન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ યોજાઇ ગયો. ફિલ્મીગીતોના આસ્વાદને માણવા ૨૫૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.
- રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગ ગાંધીનગરના સૌજન્યથી ૧૩ ઓક્ટોબરે કૃષ્ણ ભક્તિના ગીતોનો કાર્યક્રમ યોજાઇ ગયો. શ્રી અનિલભાઇ વંકાણી અને રાજેશ્રીબહેન પરમારના મધુર કંઠે વહેતા મુકાએલ ભક્તિગીતોને મ્હાણવા ૩૦૦ થી વધુ શ્રોતાઓ પધાર્યા હતા.
- નટરાજ કલા સંસ્થાના ઉપક્રમે ૧૬૩મો સંગીત કાર્યક્રમ એક સાંજ આપની સાથે રંગમંચ પ્રસ્તુતિ પામ્યો. શ્રી કેતનભાઇ આવસત્થીના સંયોજનમાં ૧૩ ઓક્ટોબરે યોજાએલ કાર્યક્રમને માણવા ૨૫૦ શ્રોતાઓ પધાર્યા હતા.
- શ્રી પ્રમોદભાઇ વોરા દ્વારા ૧૦૮ મો સાયકલ વિતરણ કાર્યક્રમ તા. ૨૦ ઓક્ટોબરે યોજાઇ ગયો. શ્રી જય જલારામ ગ્રુપના સૌજન્યથી ૨૫ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાયકલ તથા સ્કૂલ બેગનું વિતરણ થયું હતું.
- શ્રી પ્રશાંતભાઇ ભટ્ટના સંકલન હેઠળ સુરસંગમ સંસ્થાનો સપ્તસૂરી સંધ્યાનો ૮૭મો જૂનાં હીન્દી ફિલ્મીગીતોનો કાર્યક્રમ તા. ૨૦ ઓક્ટોબરે સંસ્થા રંગમંચ પર યોજાઇ ગયો. આ કાર્યક્રમને માણવા ૩૦૦ થી વધુ સંગીતપ્રેમીઓ ઉપસ્થિત રહયા હતા.
- આઇ.સી.ડી.એસ. શાખા ભાવનગરનાં ઉપક્રમે દિવાળી પર્વ પ્રસંગે ૫૦ -થી વધુ કિશોરીઓની રંગોળી સ્પર્ધા યોજાઇ. તા. ૨૮ ઓક્ટોબરે સંસ્થા પ્રાંગણમાં યોજાએલ કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીનીઓને સંસ્થા દ્વારા આરોગ્ય સૂત્ર પુસ્તિકા ભેટ આપવામાં આવેલ.

## શુભેચ્છકો લખે છે

**• ડૉ.ભાવિકાબહેન હરીયાણી (સંચાલક ફીઝીયોથેરાપી-શિશુવિહાર)**

અબદુલ્લાહ મારફાની માથાનાં દુખાવાના હિસાબે પ્રાઈવેટ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. ત્યારબાદ ત્યાંથી એમને એમ.આર.આઈ. કરાવવાનું કહેવામાં આવ્યું. એમ.આર.આઈ. જોતા જ ડૉક્ટરે કહ્યું કે ૯૦% બ્રેન ડેમેજ છે ત્યારબાદ પેશન્ટને આઈ.સી.યું માં દાખલ કરવામાં આવ્યા હતા. ૧૫ દિવસની ટ્રીટમેન્ટ બાદ પેશન્ટ ઘરે આવી ગયા પણ પરિસ્થિતિમાં કોઈ પણ જાતનો સુધારો ન આવ્યો. જેથી કરીને પેશન્ટ પોતાની રોજબરોજની પ્રતિક્રીયા ન કરી શકતા, બેસી ન શકતા, ચલાતું નહી, જાતે જમી શકતા નહી, માત્ર સૂઈ જ રહેતા આ સ્થિતિમાં ભાવનગરના ડૉ.કાબરીયા સાહેબનાં સુચનથી પેશન્ટ શિશુવિહારમાં આવ્યા. એક માસ દરમિયાનની ટ્રીટમેન્ટથી પેશન્ટની તબિયતમાં સુધારો આવતો ગયો અને હાલમાં પેશન્ટ પોતાની જાતે ચાલે છે. વાતચીત કરે છે, જમે છે. પોતાની બધી જ ક્રિયા પોતે જાતે જ કરે છે. દોઢ મહીનામાં પેશન્ટની રીકવરી આશાસ્પદ બની છે.

**• શ્રી મયુરભાઈ શ્રીધરાણી (મુંબઈ)**

વર્ષોથી વહેતી શિશુવિહારની સેવા યાત્રા જે સર્વ સ્પર્શીય અને સર્વક્ષેત્રીય છે તે એક વિરલ ઘટના છે, કદાચ વિશ્વમાં ક્યાંય જોવા ન મળે, આપને અને આપનાં સાથીઓને જેટલાં અભિનંદન અને આશીર્વાદ આપીએ તેટલાં ઓછા છે.

**• શ્રી નાથુભાઈ પ્રજાપતી (વડોદરા)**

શિશુવિહાર સંસ્થાની સમાજ સેવા ૧૦૦માં વર્ષ તરફ આગળ વિસ્તરી રહી છે. તેના સંચાલક તરીકે ડૉ.નાનકભાઈના સમાજ સેવા સાથે જોડાએલ વિષયોનાં ૬૦૦ થી વધુ લેખો વર્તમાનપત્રોમાં પ્રકાશિત થયા તે વિચાર અને કરતવ્યનો પ્રેરણાત્મક સમન્વય બને છે.

**• ડૉ.માનસીબેન ત્રિવેદી (સંચાલક બુધસભા)**

શિશુવિહારના કારણે કેટલાં સારાં સારાં પુણ્યના કામ થતા હશે!!! હું મારી જાતને ભાગ્યશાળી ગણું છું કે કુદરત દ્વારા એવા આશીર્વાદ પ્રાપ્ત થયા અને જાણે અજાણે મારે શિશુવિહાર આવવાનું બન્યું, અને સાત પેઢી તરી જાય એવા સેવા ઉપક્રમોમાં સહભાગી થઈ. ક્યાંકને ક્યાંક મારે પુણ્યના કામમાં જોડાવાનું બને છે જે મારૂ સદભાગ્ય જાણું છું. શિશુવિહારને શત શત વંદન.



**• શ્રી આયશાબહેન લાખાણી (તાલીમાર્થી- સીવણવર્ગ)**

સીવણ તાલીમ દરમિયાન ડ્રોઈંગ અને કટિંગનું મેજરમેન્ટ લેવાનું થતા મને થયું કે મારે ધોરણ ૧૦ પાસ કરવું જોઈએ. પણ ટ્યુશનના પૈસા ન હતા. મને શિશુવિહારથી પૂજ્ય ઈન્દાબેને થેલી સીવવાનું કામ આપ્યું. કોરોનાની મુશ્કેલ સ્થિતિમાં પણ મને પાકીટ, બટવા સીવવાનું કામ આપ્યું. તો હું ભણી શકી એટલું જ નહી પણ સાયન્સ સાથે ધોરણ ૧૨ પાસ કરી હવે ફાર્મસીમાં ભણવા ચાન્સ મળ્યો છે. હિંદુ મુસ્લીમ ભાઈ બહેન તેમ સહુ માટે એક સમાન ભાવ રાખનાર શિશુવિહાર સંસ્થાનું મારા પર જીવનભર ઋણ રહેશે.

## શિશુવિહારનું ૮૬મું સ્થાપના વર્ષ તથા વિક્રમ સંવત ૨૦૮૧ના પ્રારંભે શિશુવિહાર પરિવારનું સ્નેહમિલન



• વિક્રમ સવંત ૨૦૮૧ની શરુઆત તથા શિશુવિહાર સંસ્થાનાં પ્રાંગણમાં પરિવાર સ્નેહમિલન યોજાયું. સંસ્થાના અધ્યક્ષ શ્રી રાજેન્દ્રભાઈ દવે તથા પ્રા.પ્રવીણભાઈ ઠક્કર ની પ્રેરક ઉપસ્થિતિમાં મળેલ નૂતનવર્ષ સ્નેહમિલનમાં પરિવારજનોને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી. પ્રાર્થનાંગાનથી પ્રારંભાએલ સ્નેહમિલનનું શ્રી ધર્મેશભાઈ વડોદરીયા એ સંકલન કર્યુ હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ ગુણીજનો, સ્નેહીજનોએ શુભેચ્છા પાઠવીને શિશુવિહાર સંસ્થાની ૮૫ વર્ષની સેવાઓને યાદ કરી હતી. નૂતનવર્ષ પ્રસંગે સંસ્થા પરિવારનાં સ્નેહીજનોએ શુભકામના પાઠવી મીઠું મોં કર્યુ હતું.

## શિશુવિહારના કર્મિઓઃ સામયિક વિભાગમાં પ્રકાશિત વ્યકિત પરિચય લેખમાળાની ભૂમિકાઃ

શિશુવિહારના કર્મિઓ: આ શ્રેણી અંતર્ગત શિશુવિહારનાં સ્થાપના વર્ષ ૧૯૩૯થી આજ દિન સુધી સંસ્થાની પ્રવૃત્તિઓમો દીર્ઘકાલીન છાપ છોડનાર સંસ્થા કાર્યકરોનાં નિજી પ્રદાન વિષયે હવેથી સંસ્થા પત્રિકામાં ક્રમશ: નોંધ પ્રકાશિત થશે.

ગોવર્ધન પર્વત તો ભગવાન કૃષ્ણએ ટચલી આંગળીથી ઉચક્યાનું ગાન પ્રચલિત છે પણ અનેક ગોવાળીયાઓએ લાકડીનો ટેકો કર્યાની વાત પણ ભક્તો રજુ કરે છે. લગભગ આવો ઘાટ શિશુવિહાર સંસ્થાના ૮૫ વર્ષના કાર્યકાળમાં પણ યોજાયો છે. લોક સેવક પૂજ્ય માનભાઈએ પોતાની વયના ૯૬ વર્ષ સુધી અવિરત પ્રયત્નથી શિશુવિહારની સ્થાપના અને વિકાસ કર્યો. પરંતુ એ દરમિયાન ૧૦૦થી વધુ કાર્યકરોએ પણ વિભિન્ન પ્રવૃત્તિઓમાં પોતાનું બહુમૂલ્ય યોગદાન આપ્યું છે.

શિશુવિહાર સામયિકમાં તેની નોંધ છે તેમ કેટલાક હયાત કાર્યકરોની મુલાકાતમાં પણ શિશુવિહારના શિક્ષણ અને સમાજ કાર્યો પ્રત્યે તેમની નિષ્ઠાનો પ્રતિસાદ નોંધીશું. જે કાર્યકરો હવે નથી તેમનાં જાગૃત પ્રયત્નોની નોંધ તેમના પરિવારજનો અને શિશુવિહારનાં જૂના કાર્યકરો પાસેથી મેળવીશું.

વ્યકિત તરીકે લાંબુ આયુષ્ય વિતાવનાર સ્વયં આરોગ્યનું પ્રમાણ બને છે તેમ સમાજ સેવા ક્ષેત્રે અત્યંત નિષ્ઠા અને પ્રામાણિકતાથી ૮૬ વર્ષ સુધી લોક સેવા વિસ્તારનાર શિશુવિહાર સ્વયં એક પ્રામાણિત વિચાર અને આધારભૂત અનુકરણ બને છે.

બદલાતા સમયમાં બીજા ૨૫-૩૦ વર્ષ પછી શિશુવિહાર જેવો વિચાર દુર્લભ હશે ત્યારે સંસ્થા પ્રયત્નમાં જોડાએલ કાર્યકરોની મનોભાવના ઉત્કૃષ્ટ ઉદાહરણ બની રહે છે.

આ વિચારથી શરૂ કરેલ યાત્રા ક્યારેક પુસ્તક રૂપ ધારણ કરશે અને ઉપયોગી દસ્તાવેજ તૈયાર થશે તેવી આશા છે.

ડૉ.નાનકભાઈ ભટ્ટ
તંત્રી



REGN.No.BVHO/46/2022-2024 • RENEWED UPTO Dt.31/12/2024
RNI REGISTRATION No. GUJGUJ/2009/30760
Posted at Bhavnagar RMS 17th Every Month

સંસ્થાને અપાતી આર્થિક સહાય 80-G(5) નીચે કરમુક્ત છે,
12A: 01- sub Clause (i) of clause (ac) of sub-section (1) of section 12A Dated 24/9/2021
80-G: 11-Clause (i) of first proviso to sub-section (5) of section 80G Dated 24/9/2021
PAN No.: AACTS4389Q
CSR Regi. No.: CSR00015366 Dated 27/9/2021
બેંકની વિગતો
નામ: 'શિશુવિહાર'
SBI નેટબેન્કિંગ અકાઉન્ટ નંબર: 32899173982
IFS Code: SBIN0060009
UPI ID : SHISHUVIHAR@SBI

SCAN & PAY
UPI QR CODE

જો આપ UPI ID અથવા QR કોડ સ્કેન કરીને સહાય મોકલી રહ્યા છો તો આપનું નામ, **PAN** નંબર, સરનામું તથા મોબાઈલ નંબર શિશુવિહારના Mo.7043332100 ઉપર મોકલી આપવા વિનંતી છે.

Shishuvihar Bhavnagar | Shishuvihar Bhavnagar
Shishuvihar | Shishuvihar

**પરામર્શ સમિતિ :** સર્વશ્રી ઈન્દિરાબેન ભટ્ટ, સૃષ્ટિબેન સોલંકી, અનિલભાઈ બોરીચા, ભાવનાબેન પંડ્યા, હિનાબેન ભટ્ટ, રાજુભાઈ મકવાણા

To.

PRINTED, PUBLISHED AND EDITED BY DR. NANAKBHAI M. BHATT ON BEHALF OF SHISHUVIHAR PUBLISHED AT SHISHUVIHAR, NORTH KRISHNANAGAR, BHAVNAGAR ( GUJARAT ) AND PRITNED AT SUMEET PRINTERS, NEAR D.S.P. OFFICE, BEHIND MANUBHAI GATHIYAWALA, NAVAPARA ROAD, BHAVNAGAR, 364001. ( GUJARAT ) INDIA MOBILE : +91 9924986199